મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ખાજા બનાવવાની તૈયારીઓ પૂરજોશમાં

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં મીઠાઈ અને ફરસાણના વેપારીઓ દ્વારા ખાજા બનાવવાની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. શહેરમાં મીઠાઈ તેમજ ફરસાણની દુકાનો સિવાય મંડપ બાંધીને વેપારીઓ દ્વારા વિવિધ પ્રકારના ખાજાનું વેચાણ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે બજારમાં રૂ. ૧૮૦ થી ૨૪૦ ના ભાવે ખાજાનું વેચાણ થશે. જયારે નાગપાંચમના દિવસે ખાજાનું વિશેષ મહત્વ હોવાથી નાગરીકો કરોડો રૂપીયાના ખાજા આરોગી જશે.

પવિત્ર શ્રાવણ માસમાં તહેવારોની મૌસમ ખીલી ઉઠે છે. જેમાં રક્ષાબંધન, નાગપાંચમ, રાંધણ છઠ્ઠ, શીતળા સાતમ અને જન્માષ્ટમીનો સમાવેશ થાય છે. ત્યારે નાગપાંચમના દિવસે ખાજાનું વિશેષ મહત્વ રહેલું છે. જેમાં ગળ્યા ખાજા, તીખા, મોળા ખાજાનું બજારમાં ધુમ વેચાણ થાય છે. નાગપાંચમના દિવસે ભકતો પ્રસાદી સ્વરૂપે ખાજાનો આગ્રહ રાખે છે. વર્ષોથી ખાજા સાથે ધાર્મિક માન્યતા જોડાયેલી છે. ત્યારે શહેરમાં લાખો રૂપીયાના ખાજાનો વેપાર થાય છે. ખાજા લેવા માટે લાઈનમાં ઉભા રહેવું પડે તેવી સ્થિતિ સર્જાય છે. ત્યારે શહેરના મીઠાઈ અને ફરસાણના વેપારીઓએ ખાજા બનાવવાનું પુરજોશમાં શરુ કરી દીધુ છે. ગ્રાહકોની માંગ પ્રમાણે પહોંચી વળવા વેપારીઓ અગાઉથી તૈયારીઓ કરી દે છે. જયારે ઘી માં તૈયાર થયેલા ખાજાનો ભાવ કિલોએ રૂ. ૫૨૦ હશે. જયારે તેલમાં તૈયાર થયેલા ખાજાનો ભાવ રૂ. ૧૮૦ થી ૨૪૦ની આસપાસ હશે. ગાંધીનગર શહેરમાં મીઠાઈની દુકાનો ઉપરાંત મંડપ બાંધીને ખાજાનો વેપાર કરતા વેપારીઓ નજરે પડશે. જયારે દુકાનો તેમજ મંડપ બાંધીને વેપાર કરતા વેપારીઓના ખાજાના ભાવમાં વધઘટ જોવા મળે છે. જયારે મોંઘવારી હોવા છતા આ વર્ષે ખાજાનો ભાવ ગત્ વર્ષ જેટલો જ વેપારીઓ દ્વારા રાખવામાં આવ્યો છે.

@ગાંધીનગર

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા સવારે ૮.૩૦ કલાકે લઘુરૂદ્રાભિષેક સે-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાપ્રસાદ સાથે યોજાશે. સર્વે સભ્યોને સપરિવાર હાજર રહેવા જણાવાયું છે.

● સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ દ્વારા શિવ મહિમ્ન પાઠ રાત્રે ૯ થી૧૦ કલાક દરમિયાન સ્વાગત-૪ સી ૪૦૪ અતુલ ત્રિવેદીના નિવાસસ્થાને યોજાશે.

મુકિતધામ ખાતે નવી ટેલીફોન સેવા ઉપલબ્ધ કરાઈ

સેકટર-૩૦ મુકિતધામની જાળવણી અને નિભાવણી તેમજ અંતિમવાહીનીની સેવાઓ ગાંધીનગર મહાનગર પાલિકા હસ્તક લેવામાં આવી છે. આ કામે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મુકિતધામ ખાતે ટેલીફોન સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. ટેલીફોન દ્વારા મુકિતધામ અને અંતિમવાહીની સબંધિત માહિતી તેમજ જરૂરીયાત પુરી પાડવામાં આવશે. મુકિતધામ ઓફિસ ફોન નંબર. ૯૦૯૯૦ ૧૦૫૮૫, જીલુભા ધાધલ ફોન નં. ૯૮૨૪૦ ૨૯૯૦૨, મેનેજર ફોન નં. ૮૪૦૧૦ ૯૭૦૧૦ તેમજ ૬૩૫૩૦૯૩૮૫૫ પર નગરજનોએ સંપર્ક કરવો.

મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા યોજાયેલ ફ્રી મેડીકલ કેમ્પ

મેડીકલ કેમ્પનો ૪૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર યુવા મોરચા તેમજ કમલમ ટ્રસ્ટ દ્વારા આજરોજ સેકટર-૨૪ સરકારી દવાખાના ખાતે સવારે ૯ થી ૧૨ કલાક ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં સેકટરના ૪૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી તેમજ યુવા મોરચા પ્રદેશ પ્રમુખ રૂત્વીજભાઈ પટેલ હાજર રહ્યા હતા.

ભારત રત્ન પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીજીના સ્મર્ણાર્થે ભારતીય જનતા યુવા મોરચો ગુજરાત પ્રદેશ તેમજ કમલમ ટ્રસ્ટ દ્વારા આયોજીત ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તેમજ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ રૂત્વીજ પટેલ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, જનરલ ચેકઅપ, સ્કીન, દાંતની સમસ્યાઓની સારવાર નિષ્ણાંત તબિબો દ્વારા કરવામાં આવી હતી. જયારે બહેનો માટે ગાયનેકોલોજીસ્ટ ડોકટર પણ ખાસ હાજર રહ્યા હતા. સેકટર-૨૪ સરકારી દવાખાના ખાતે આયોજીત સવારે ૯ થી ૧૨ દરમિયાન કેમ્પમાં ૪૦૦ થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં ડો. કલ્પેશ ગોસ્વામી, ડો.નિતિન અંજાન, ડો. શૈલેષ ભાઈ પટેલ, ડો. મહેન્દ્રભાઈ ચૌધરી, ડો. સૌરભભાઈ કાપડીયા, આ ઉપરાંત આંખ, કાન, ગળાના તેમજ બાળકોના ડોકટર પણ હાજર રહ્યા હતા અને લાભાર્થીઓની ચકાસણી કરી હતી. જયારે આ પ્રસંગે ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, રુચીરભાઈ ભટ્ટ, કાર્યકારી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, સ્ટે.કમિટીના ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ગુડા ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગર યુવા મોરચાના પ્રમુખ જીગર પટેલ સહિત કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને મેડીકલ ચેકઅપ કેમ્પને સફળ બનાવ્યો હતો.

સિનિયર સિટીઝન કાઉન્સિલની બેઠક શુક્રવારે યોજાશે

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલની ઓગસ્ટ માસની બેઠક તા. ૩૧ મી ઓગસ્ટને શુક્રવારના રોજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી સેકટર-૭ સી ખાતે સાંજે ૫ કલાકે યોજાશે. આ સભામાં વિશિષ્ટ સિધ્ધી પ્રાપ્ત કરનાર નગરજનોનું સન્માન કરવામાં આવશે. જેથી કાઉન્સિલના સભ્યોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે. જે સભ્યો આ માસમાં કાઉન્સિલના નવા સભ્ય તરીકે પ્રવેશ પામ્યા હોય તેઓએ પણ ખાસ હાજર રહેવા સંસ્થાના મંત્રી એ અનુરોધ કર્યો છે.

એકટીવામાં દારૂની બોટલો લઈને જતા એક કિશોર સહિત બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમ ગઈ કાલે પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોસ્ટેબલ સુરેશ કુમારને બાતમી મળી હતી કે રાયસણ પેટ્રોલ પંપ પાસેથી એક એકટીવા પસાર થઈ રહ્યું છે જેમા વિદેશી દારૂની બોટલો છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને એલસીબીની ટીમે એક કિશોર સહિત બે શખ્સોને દારૂની ત્રણ બોટલ સાથે પકડી પાડયા હતા. એકટીવામાં સવાર કિશોર પાસેથી બે બોટલો મળી આવી હતી જ્યારે તેના કલોલના સાથી ભરત હીરાજી ઠાકોર (મકવાણા) પાસેથી એક બોટલ મળી આવી હતી. પોલીસે ત્રણ વિદેશી દારૂની બોટલ, બે મોબાઈલ અને એક એકટીવા મળી કુલ ૩૬,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પૂછપરછ શરૂ કરી હતી. એલસીબીએ શરૂ કરેલા ઈન્ટ્રોગેશનમાં વધુ બે શખ્સોના નામો બહાર આવ્યા છે. શહેરના સે-૬-ડી પ્લોટ નંબર ૧૨૭૨/૨ ખાતે રહેતો શૈલેષ અશ્વિનભાઈ ગામેતી અને રાયસણ પેટ્રોલ પંપ પર રહેતો અને મૂળ પાટણના જીવા મહાદેવ આહીર નામના બે શખ્સોના નામ ખુલ્યા છે. બંને આરોપીઓની ધરપકડ માટે કવાયત શરુ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં શનિવારે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંકનો આરંભ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક (IPPB)નું લોકાર્પણ ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના હસ્તે તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ બપોરના ૨.૩૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સેકટર-૧૨ ખાતેથી કરવામાં આવનાર છે.

ગ્રામીણ અને અર્ધ શહેરી વિસ્તારોમાં ડીજીટલ ચુકવણીની સેવાઓને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારના પોસ્ટ વિભાગ, સંચાર મંત્રાલય દ્વારા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક (IPPB) ની શરૂઆત કરવામાં આવનાર છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક સેવાનો આરંભ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા. ૧ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ કરાશે. આઈ.પી.પી.બી.ની દેશમાં જિલ્લા મથકની ૬૫૦ શાખાઓ કાર્યરત થશે. વિવિધ પોસ્ટ ઓફિસમાં લગભગ ૧.૫૫ લાખ એક્સેસ પોઈન્ટ હશે. ગુજરાતમાં ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંકની ૩૨ શાખાઓ અને પોસ્ટ ઓફિસના લગભગ ૮૯૦૦ એક્સેસ પોઈન્ટ મારફતે કાર્યરત થશે. ૭ હજારથી વધુ ગ્રામીણ ડાક સેવક અને ૪ હજાર પોસ્ટમેન પણ ગ્રામીણ અને શહેરી વિસ્તારના નાગરિકોને આ સેવાઓ ઘર આંગણા સુધી પ્રદાન કરાવવામાં આવશે.

ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક ટેકનોલોજીના સઘન મૂલ્યો વર્ધિત બેન્કિંગ સેવાઓ જેવી કે એસ.એમ.એસ. બેન્કિંગ, આર.ટી.જી.એસ., આઈ.એમ.પી.એસ., એ-કેવાયસી ડીજીટલ ખાતાઓ વગેરે ન્યુનતમ ખર્ચે સેવાઓ પુરી પાડશે. આ સેવાઓમાં ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, સ્થળાંતર કામદારો, વરિષ્ઠ નાગરિકો અને નાના વેપારીઓના લાભાર્થે બચત ખાતું તેમજ ચાલુ ખાતાની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આઈ.પી.પી.બી. દ્વારા ડીજીટલ ચુકવણીની નાણાકીય સાક્ષરતા અને નાણાકીય જાગૃતતાને પ્રોત્સાહન અપાશે.

ગાંધીનગર શહેરમાં તંત્ર દ્વારા ઠેર ઠેર ખોદકામ કરવામાં આવે છે. કામ પૂર્ણ થતાં યોગ્ય પુરાણ ન થતાં ચોમાસાની સિઝનમાં આવા સ્થળો પર વાહનો ખુંપી જવાના બનાવ બનતા રહે છે. ત્યારે શહેરના ચ-૦ નર્સરી પાસે માર્ગની બાજુમાં ઉભી રહેલી ટ્રક આગળના ભાગે ખુંપી ગઈ હતી. ભારે મથામણ બાદ પણ ટ્રક બહાર નીકળી શકી નહોતી.

નિવૃત્ત સરકારી અધિકારી મંડળ, શહેરીજન સંસ્થા, સેકટર-૭-ડીની રજીએ સામાન્ય સભા

ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડી તથા ગાંધીનગર શહેરીજન સંસ્થા છેલ્લા ૨૫ વર્ષથી સક્રિય છે. જેની વાર્ષિક સામાન્ય સભા તા. ૨જી સપ્ટેમ્બરના સાંજે ચાર વાગે ચૌધરી શાળાના હોલમાં યોજવામાં આવેલ છે. વાર્ષિક સાધારણ સભામાં મહેમાન અતિથિઓના સન્માન, તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન-ઈનામ આપવામાં આવશે. ૭૫ વર્ષ પુરા કરનારા વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરાશે.

મુખ્ય મહેમાન, મુખ્ય અતિથિ, અતિથિ વિશેષ પદે નાજાભાઈ નગરસેવક તથા શહેરના અગ્રણી કાર્તિકભાઈ પટેલ, પૂર્વ નાયબ મેયર-કોર્પોરેટર પાર્વતીબેન પરમાર-કોર્પોરેટર, સેકટર-૭-ડીના શુભેચ્છક જે.ડી. દવે ઉપસ્થિત રહેશે તથા અધ્યક્ષસ્થાને જયંતભાઈ ભટ્ટ રહેશે.

અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેકટર-૭ બી પરિમલ એપોર્ટમેન્ટ ૪-૨૨ ખાતે રહેતા પ્રવિણભાઈ પ્રાણલાલ ઠાકરના માતૃશ્રી મંજુલાબેન પ્રાણલાલ ઠાકરનું ૮૬ વર્ષની વયે તા. ૨૭ ઓગસ્ટને સોમવારના રોજ દુખદ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું ગુરુવારના રોજ તા. ૩૦ ઓગસ્ટને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૭ પટેલવાડી ખાતે રાખવામાં આવેલ છે.

દુઃખદ અવસાન

સ્વ. શીલાબેન મુકેશભાઈ મહેતાનું તા. ૨૮-૮-૧૮ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦-૮-૧૮ને ગુરુવારના રોજ સવારે ૯ થી ૧૧ સરકારી વાડી સેકટર-૭, ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. નાનીબેન ઈશ્વરભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૩
- સ્વ. સંપતભાઈ જુહાભાઈ વાઘેલા, ઉ.વ. ૫૯
- સ્વ. કાન્તાબેન કેશાજી ઠાકોર, ઉ.વ. ૫૫
- સ્વ. ભરતજી બચુજી ઠાકોર, ઉ.વ. ૪૫
- સ્વ. શાંતાબેન સવજીભાઈ વાલેરા, ઉ.વ. ૭૩
- સ્વ. વલ્લભભાઈ ખાલપભાઈ રાઠોડ, ઉ.વ. ૭૪
- સ્વ. ગીરીશકુમાર કેશવલાલ ભાવસાર, ઉ.વ. ૬૫

આઈસર ટ્રકમાં ઈંડાની આડમાં દારૂ બિયરની મોટાપાયે થતી હેરાફેરી ઝડપાઈ

ડભોડા પોલીસે રણાસણ સર્કલ પાસેથી ટ્રક પકડ્યો : દારૂ બિયરની ૨૦૧ પેટીઓ તથા ટ્રક સહિત રૂ.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૨૯

ડભોડા પોલીસ રણાસણ સર્કલ પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે આઈસર ટ્રક લઈને નિકળેલો પોલીસને દુરથી જોઈને ગભરાઈ ગયો હતો અને સર્કલ પહેલા જ ટ્રક સાઈડમાં કરીને ત્યાંથી ભાગી ગયો હતો.

વાહન ચેકિંગમાં રહેલી ડભોડા પોલીસને શંકા જતા ટ્રકની તાડપત્રી ખોલીને અંદર તપાસ કરતા ઈંડાની આડમાં મોટા પાયે થતી વિદેશી દારૂ બિયરની હેરાફેરી ખુલ્લી પડી હતી. ડભોડા પોલીસે રૂપિયા ૧૦ લાખની કિંમતનો દારૂ બિયરનો જથ્થો તથા આઈસર ટ્રક મળીને કુલ રૂપિયા ૨૦ લાખ થી વધુ કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ના નંબરને આધારે ટ્રક ડ્રાઈવર આરોપી તથા બુટલેગરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક કે એફ બલોલીયા અને ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.જે.સોલંકીની સૂચનાથી જિલ્લા પોલીસ દારૂ-જુગારની બદીઓ નેસ્ત નાબુદ કરવા સક્રિય થઈ છે ત્યારે ડભોડા પી.એસ.આઈ એચ.જી. દેસાઈ તથા તેમના સ્ટાફના હેડ કોન્સ્ટેબલ વિપુલકુમાર, વિશાલસિંહ અને કોન્સ્ટેબલ શૈલેષકુમાર, વિપુલકુમાર અને શકિતસિંહ રણાસણ સર્કલ પાસે સઘન વાહન ચેકિંગ કરી રહ્યા હતા. ડભોડા પોલીસનું સઘન વાહન ચેકિંગ જોઈને સર્કલથી ૧૦૦ મીટર પહેલા જ એક ટ્રક ચાલક ઉભો રહી ગયો હતો અને રસ્તા વચ્ચે ટ્રક ઉભી રાખીને ત્યાંથી ભાગી ગયો હતો. પળવારમાં જ આ ટ્રકને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો. વાહન ચેકિંગ કરી રહેલી ડભોડા પોલીસની ટીમને ટ્રક પર શંકા જતા ટ્રક પાસે પહોંચી ગઈ હતી અને તાડપત્રી ખોલી હતી. પ્રથમ દૃષ્ટિએ ઈંડાના જથ્થાની હેરાફેરી થતી હોય તેવું લાગી રહ્યું હતું. પરંતુ ઈંડાની પ્લેટો સાઈડ કરીને અંદર જોયું તો ખબર પડી કે ઈંડાની પ્લેટોની આડમાં આ ટ્રકમાં વિદેશી દારૂ બિયરની પેટીઓ લઈ જવાઈ રહી હતી. ડભોડા પોલીસે ટ્રક સાઈડમાં કરીને દારૂ-બિયરના જથ્થાની ગણતરી શરૂ કરી હતી. ટ્રકમાંથી પચાસ-સો નહિ પરંતુ ૨૦૧ વિદેશી દારૂ તથા બીયરની પેટીઓ મળી આવી હતી. જેમાં વિદેશી દારૂની બોટલો જનરલ હતી પરંતુ બીયરના ટીન બર્ડ વાઈઝર કંપનીના એટલે કે બ્રાન્ડેડ હતા. ડભોડા પોલીસે ૪૫ પેટી એટલે કે ૧૦૮૦ બીયરના ટીન અને બીજી એક હજારથી વધુ વિદેશી દારૂની બોટલો મળી કુલ રૂ.૧૦,૧૦,૪૦૦ ની કિંમત નો દારૂ-બિયરનો જથ્થો તથા ૧૦ લાખની ટ્રક મળીને કુલ રૂ.૨૦,૧૦,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રકનો ડ્રાઈવર તથા ટ્રક માલિક અને બુટલેગર સુધી પહોંચવા તપાસ તેજ કરવામાં આવી છે.

આજે ડો. આંબેડકર હોલ ખાતે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે આ પ્રવૃત્તિઓમાં રાજયકક્ષાની અને રાષ્ટ્રીય કક્ષાની વિવિધ સ્પર્ધાઓનો પણ સમાવેશ થાય છે.

નેશનલ કાઉન્સિલ ઓન સાયન્સ મ્યુઝીયમ દ્વારા વિવિધ વિજ્ઞાન સંબંધી કાર્યક્રમોનું રાષ્ટ્રીય કક્ષાએ આયોજન કરવામાં આવે છે. દર વર્ષે મ્યુઝીયમ દ્વારા નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક ક્ષમતાઓને નાટકના માધ્યમથી બહાર લાવવાનો છે. વિદ્યાર્થીઓ નાટક દ્વારા વિજ્ઞાનની રજુઆત કરશે. આ વર્ષે પણ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૩૦મી ઓગસ્ટના રોજ સવારે ૯ કલાકથી ગાંધીનગર જિલ્લાની સાયન્સ ડ્રામા સ્પર્ધા ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ વર્ષે સાયન્સ ડ્રામાની થીમ વિજ્ઞાન અને સમાજ રાખવામાં આવી છે.

વિજ્ઞાન અને સમાજ થીમ આધારિત નિયત કરાયેલા પેટા વિષયો પૈકી કોઈ પણ એક વિષયે ગાંધીનગર જિલ્લાની જુદી જુદી ઉચ્ચ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ નાટક રજુ કરીને વૈજ્ઞાનિક જાગૃતતાનો સંદેશો આપશે. આ નાટકનો સમયગાળો વધુમાં વધુ ૩૦ મિનિટનો રહેશે. આ નાટકમાં વધુમાં વધુ આઠ પાત્રોનો સમાવેશ કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ વિજેતા થયેલ નાટક રાજયકક્ષાની સ્પર્ધા માટે ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. જિલ્લા કક્ષાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આ સ્પર્ધામાં ભાગ લેવા માટે તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને પરિપત્ર મોકલવામાં આવ્યા છે. વધુમાં વધુ શાળાઓ આ સ્પર્ધામાં ભાગ લે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

સ્પર્ધા માટે નિયત કરાયેલા પેટા વિષયો

- ડિજીટલ ઈન્ડિયા
- કિલનનેસ, હેલ્થ એન્ડ હાઈજીન
- ગ્રીન એન્ડ કિલન એનર્જી
- એન્વાર્યમેન્ટ કન્ઝર્વેશન

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા ફતેપુરા(વારીગૃહ)ની મુલાકાત લેવાઈ હતી. આ મુલાકાતમાં યુનિટની ૧૨ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા કેટલાક સર્વે હાથ ધરવામાં આવ્યા હતા. ગ્રામજનોને સ્વચ્છતા, શિક્ષણ, બાળકોના રસીકરણ વગેરેથી જગરૂક કરાયા હતા. વ્યસન મુક્તિ માટે લોકોને સમજ આપવામાં આવી હતી. NSS પ્રોગ્રામ ઓફિસર ડો. નરેન્દ્ર પટેલ વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા અને તેમને માર્ગદર્શન આપ્યુ હતુ.